
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૫૨ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩, ગુરૂવાર; અધિક શ્રાવણ વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


# વડાપ્રધાન આજે અવિશ્વાસ પ્રસ્તાવ પર જવાબ આપશે

## કલમ ૩૭૦ એ નહેરૂની ભુલ હતી : નરેન્દ્ર મોદીએ દુનિયામાં ભારતનું માન વધાર્યુ છે : ૨૪ માંથી ૧૭ કલાક દેશ માટે કામ કરતા વડાપ્રધાન આપણી પાસે છે : અવિશ્વાસ લાવવાનો વિરોધ પક્ષનો ઉદ્દેશ આ દેશમાં ખોટી ભ્રાંતિ ઉભુ કરવાનો છે : અમિત શાહ



દિલ્હી, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ કેન્દ્ર સરકાર સામે વિપક્ષ દ્વારા લાવવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્તનો જવાબ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંપૂર્ણ તૈયારી સાથે તથા વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓને આવરી લઈને આપ્યો હતો. અમિત શાહના લાંબા જવાબને ધ્યાનમાં રાખીને અધ્યક્ષ ઓમ બિરલાએ સદનના સમયમાં વધારો પણ કર્યો હતો.

અમિત શાહે અવિશ્વાસના પ્રસ્તાવનો જવાબ આપતા જણાવ્યુ હતુ કે અત્યાર સુધીમાં આ સદનમાં ૨૭ વાર અવિશ્વાસના પ્રસ્તાવ આવ્યા છે. પરંતુ આજે જે પ્રસ્તાવ આવ્યો છે એ અમારી માટે આશ્ચર્યકારક છે. કારણ કે આ સદનને અમારી સરકારમાં સંપૂર્ણ વિશ્વાસ છે તેમજ ભારત દેશની જનતાને પણ અમારામાં ભરપૂર વિશ્વાસ છે. આપણા સૌનુ સદ્ભાગ્ય છે કે આજે અમારી સરકારનુ નેતૃત્વ નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. આ એવા વડાપ્રધાન છે જે આઝાદી પછી આ દેશમાં સૌથી વધુ લોકપ્રિય વડાપ્રધાન છે. ૨૪ માંથી ૧૭ કલાક દેશ માટે કામ કરતા વડાપ્રધાન આપણી પાસે છે. એનો અર્થ એ થયો કે આ અવિશ્વાસ લાવવાનો વિરોધ પક્ષનો ઉદ્દેશ આ દેશમાં ખોટી ભ્રાંતિ ઉભુ કરવાનો છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાહુલ ગાંધીની જીભ લપસી : નરેન્દ્ર મોદીને રાવણ કહ્યા

દિલ્હી, તા. ૯

સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્ર સરકાર સામે મુકવામાં આવેલી અવિશ્વાસની દરખાસ્ત પર બોલતા કોંગ્રેસ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આક્રમક પ્રવચન કરતા તેમની જીભ થોડીક લપસી ગઈ હતી અને તેમણે નરેન્દ્ર મોદીની સરખામણી રાવણ સાથે કરી હતી. રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે રાવણ બે જ લોકોની વાત સાંભળતો હતો. કુંભકર્ણની અને મેઘનાદની જ વાત સાંભળતો હતો. એ રીતે મોદીજી પણ બે જ લોકોનુ સાંભળે છે. આવા શબ્દો વાપરીને રાહુલ ગાંધીએ જાણ્યેઅજાણ્યે દેશના વડાપ્રધાન પદની ગરિમાનો ખ્યાલ રાખ્યા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તુલના રાવણ સાથે કરીને તેમને આડકતરી રીતે રાવણ કહ્યા હતા. પક્ષો વચ્ચે આક્ષેપબાજી થાય અને તિવ્ર વિધાનો થાય એ તો સમજી શકાય એવી વાત છે પરંતુ માત્ર ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં લોકપ્રિયતા ધરાવતા ભારતના વડાપ્રધાનની આવી સરખામણી યોગ્ય નથી એવુ રાજકીય નિરિક્ષકો માને છે.

# મણિપુર દેશનું અખંડિત અંગ જ છે : સ્મૃતિ ઈરાની

નવી દિલ્હી, તા.૯

રાહુલ ગાંધીએ અવિશ્વાસ પ્રસ્તાવ પર આક્રમક વલણ અપનાવતા લોકસભામાં મોદી સરકાર સામે જોરદાર પ્રહાર કર્યા હતા. હવે તેની સામે સ્મૃતિ ઈરાનીએ તેમને સત્તાપક્ષ વતી જવાબો આપ્યા હતા. સ્મૃતિ ઈરાની પણ આ દરમિયાન આક્રમક મૂડમાં દેખાયા હતા.

સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે પહેલીવાર રાષ્ટ્રના ઈતિહાસમાં ભારત માતાની હત્યાની વાત થઈ અને કોંગ્રેસ તાળીઓ વગાડતી રહી. જે ભારતની હત્યા પર તાળી વગાડે છે. એ વાતનો સંદેશ આખા દેશને આપે છે કે મનમાં ગદ્દારી કોના છે? મણિપુર ખંડિત નથી. મારા દેશનો અભિન્ન અંગ છે.

● અનુસંધાન પાન-૭ પર

# રેલવે ટૂંકમાં ૨.૪ લાખથી વધુ ભરતી કરશે

## કેન્દ્રીય રેલવે મંત્રીએ લેખિત પ્રશ્નનો જવાબ આપ્યો : સુરક્ષા કર્મચારી, સહાયક સ્ટેશન માસ્ટર, બિન-તકનીકી લોકપ્રિય શ્રેણીઓ અને ટીકિટ કલેક્ટરની ભરતી કરાશે

નવી દિલ્હી, તા.૯

રેલવે દ્વારા જલ્દીથી ૨.૪ લાખથી વધુ જગ્યાઓ ભરવાની તૈયારી ચાલી રહી છે. તેનો ઉદ્દેશ્ય મુખ્ય રુપે સુરક્ષા કર્મચારી, સહાયક સ્ટેશન માસ્ટર (એએસએમ), બિન-તકનીકી લોકપ્રિય શ્રેણીઓ (એનટીપીસી)અને ટીકિટ ક્લેક્ટર (ટીસી)ની ભરતી થવાની છે. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજયસભામાં લેખિત પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે રેલવેના દરેક ઝોનમાં ગ્રુપ સીની પોસ્ટમાં ૨,૪૮,૮૯૫ જગ્યાઓ ખાલી છે. જ્યારે ગ્રુપ એ અને બી ના પદોમાં ૨૦૭૦ જગ્યા ખાલી છે.

ભારતીય રેલવે પર ગ્રુપ એ ની સેવા માટે સીધી ભરતી યુપીએસી દ્વારા કરવામાં આવતી હોય છે. હવે યુપીએસી અને ડીઓપીટી પર માંગણી મુકવામાં આવી છે.

રેલવે વિભાગ દ્વારા હાલમાં જ આરપીએફમાં ૯૭૩૯ કોન્સ્ટેબલ અને સબ ઈન્સપેક્ટર ૨૭૦૧૯, સહાયક લોકો પાયલોટ અને ટેકનીશિયન ગ્રેડની જગ્યા , ગ્રુપ ડીના ૫દ પર ૬૨૯૦૭, આરપીએફની ૯૫૦૦ જગ્યા પર ભરતી કરવામાં જાહેરાત કરવામાં આવી છે.

# ભૂસ્ખલનથી અમરનાથ યાત્રા અસ્થાયી રૂપે અટકાવી દેવાઈ

## જમ્મુ-શ્રીનગર હાઇવે પર વાહનોની અવર જવર પણ ઠપ

જમ્મુ, તા.૯

આજે રામબન જિલ્લામાં ભૂસ્ખલનને કારણે જમ્મુ-



શ્રીનગર નેશનલ હાઈવેને બંધ કરવામાં આવ્યો હતો, જેના કારણે જમ્મુથી શ્રીનગરની અમરનાથ યાત્રાને અસ્થાયી રૂપે અટકાવવામાં આવી હતી.

જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર વાહનોની અવાર જવર પણ ઠપ થઈ ગઈ છે.

રામબનમાં ભૂસ્ખલનના કારણે અમરનાથ યાત્રા પર જઈ રહેલા શ્રદ્ધાળુઓને સૌથી વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે અધિકારીઓએ જણાવ્યું કે, રામબન જિલ્લામાં હાઈવે પર ભૂસ્ખલનને કારણે જમ્મુથી શ્રીનગર અને શ્રીનગરથી જમ્મુ પરત ફરતા યાત્રાળુઓની અવરજવર સ્થગિત કરવામાં આવી છે.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે, “રામબન જિલ્લાના ટીર મરોગ ખાતે ભૂસ્ખલનથી હાઈવે બંધ થઈ ગયો છે.’ જ્યાં સુધી રોડ પરથી કાટમાળ હટાવવામાં ન આવે ત્યાં સુધી અમરનાથ યાત્રા સ્થગિત રહેશે.

# સરકારે આઠ યુટ્યુબ ચેનલ પર પ્રતિબંધ લાદી દીધો

## કેન્દ્ર સરકાર સોશિયલ મીડિયા પર થઈ રહેલી અનુચિત ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે

નવી દિલ્હી, તા.૯

સરકારે ગઈકાલે મોટી કાર્યવાહી કરતા આઠ યુટ્યુબ ચેનલો બંધ કરી દીધી છે. સરકારે ગઈકાલે કહ્યું કે તેણે લોકસભાની ચૂંટણી અને ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન પર પ્રતિબંધ જેવા ખોટા સમાચાર ફેલાવવા પર આઠ ચેનલોને પર આ કાર્યવાહી કરવામાં આવી છે.

સરકાર સોશિયલ મીડિયા પર થઈ રહેલી ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે તેમા પણ ખોટા સમાચારને લઈને સરકારે ખુબ જ કડક વલણ અપનાવ્યું છે જેમાં ભ્રામક માહિતી અને ફેક ન્યુઝ ચલાવતી ૮ યુટ્યુબ ચેનલો પર કડક પગલા લેતા બંધ કરી દીધી છે. કેન્દ્રિય માહિતી અને પ્રસારણ મંત્રાલયે ગઈકાલે કહ્યું હતું કે કોઈપણ તથ્યો વિના અને સમય પહેલા જ લોકસભા ચૂંટણીની જાહેરાત કરવાનું તેમજ વોટિંગ મશીનો સંબંધિત ખોટા સમાચાર ફેલાવતી આઠ ચેનલો પર કાર્યવાહી કરવામાં આવી હતી.

# ભારતે વેસ્ટઈન્ડિઝને ત્રીજી વન-ડેમાં સાત વિકેટ હરાવ્યું

## હાર્દિકે સિક્સર ફટકારી તિલક વર્માને ફિફ્ટીથી વંચિત રાખ્યો

બાર્બાડોસ, તા.૯

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પ્રોવિડન્સમાં રમાયેલી ત્રીજી ટી૨૦ મેચમાં ભારતે વિન્ડીઝને ૭ વિકેટે હરાવ્યું હતું. જો કે વેસ્ટ ઈન્ડિઝ હજુ પણ ટી૨૦ સિરીઝમાં ૨-૧થી આગળ છે. આ મેચના હીરો સૂર્યકુમાર યાદવ (૮૩) અને તિલક વર્મા (૪૯ અણનમ) હતા. વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ૧૫૯/૫ રન બનાવ્યા હતા.

જવાબમાં ભારતીય ટીમે ૧૩ બોલ બાકી રહેતા લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. કેપ્ટન હાર્દિક પંડ્યાએ વિનિંગ છગ્ગો ફટકાર્યો હતો. હાર્દિક પંડ્યાનો આ છગ્ગો તેના માટે મુસીબત બની ગયો હતો. સોશ્યલ મીડિયા પર તેને ખરાબ રીતે ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યાએ જ્યારે આ વિનિંગ છગ્ગો ફટકાર્યો, ત્યારે તિલક વર્મા ૪૯ રન પર નોટઆઉટ હતો. તિલક વર્મા પાસે સતત બીજી ફિફ્ટી ફટકારવાની તક હતી. તેણે વિન્ડીઝ સામેની પ્રથમ ટી૨૦ મેચમાં ૫૧ રન બનાવ્યા હતા. સોશ્યલ મીડિયા યુઝર્સે કેપ્ટન હાર્દિક પંડ્યાને બેશરમ અને સ્વાર્થી ગણાવ્યો હતો.


## ઓપન ઈન્ટરવ્યુ

**શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત**

ચૌધરી કોલેજ ઓફ એજ્યુકેશન (મહિલા બી.એડ્.) તથા ચૌધરી એમ.એડ્. કોલેજ (મહિલા એમ.એડ્.) માટે શૈક્ષણિક સ્ટાફ જોઈએ છે. U.G.C,N.C.T.E.Norms મુજબ, અને ગુજરાત યુનિવર્સિટી તથા રાજ્ય સરકારશ્રીના નિયમાનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તારીખ : ૧૩-૦૮-૨૦૨૩ને રવિવારના રોજ ૧૧.૦૦ કલાકે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, માતૃશ્રી જોઈતીબા કોલેજ કેમ્પસ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે પોતાના તમામ અસલ પ્રમણપત્રો અને તેની બે નકલ, પાસપોર્ટ સાઈઝના ૪ (ચાર) ફોટા સાથે અરજીની ૨ (બે)નકલ સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવું.

બી.એડ્.કોલેજ માટે :

અધ્યાપક : (પેડાગોજીક વિષય-૩)વિજ્ઞાન, સામાજીક વિજ્ઞાન, હિન્દી, લાયકાત : M.A./M.Com./M.Sc. (55%) Ph.D/NET/G SLET અનિવાર્ય.

અધ્યાપક : (પર્સપેક્ટીવ ઈન એજ્યુકેશન વિષય :૨)સોશ્યોલોજી, ફિલોસોફી, અનુસ્નાતક ડિગ્રીમાં ઓછામાં ઓછા 55% સાથે એમ.એડ્. ઓછામાં ઓછા 55% સાથે અથવા એમ.એ. એજ્યુકેશનમાં ઓછામાં ઓછા 55% સાથે બી.એડ્./બી.ઈલ.ઈડી. 55% તેમજ માધ્યમિક શાળામાં ૩ (ત્રણ) વર્ષનો અનુભવ.

અધ્યાપક : ૦૨ (વિશેષ અભ્યાસક્રમ) (૧) શારીરિક શિક્ષણ-૧, લાયકાત : M.P.Ed. 55% (૨) ચિત્રકલા :૦૧ લાયકાત :P.G.in Fine Arts (MFA) 55%

એમ.એડ્.કોલેજ માટે :

પ્રોફેસર : (૦૧), તથા આસિસ્ટન્ટ પ્રોફેસર (૦૩) જે તે વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં સ્પેશિયલાઈઝેશન સાથે ઓછામાં ઓછા 55% સાથે એમ.એડ્.- એમ.એ. એજ્યુકેશનમાં ઓછામાં ઓછા 55% તથા Ph.D. લાયકાત અને અનુભવ U.G.C., N.C.T.E ગુજરાત યુનિવર્સિટી તથા રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ મુજબ.

નોંધ : (૧) વ્યાખ્યાતાઓ માટે NET/G-SLET/Ph.D. ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. (૨) SC/ST ઉમેદવારો માટે લાયકાતમાં 5% છૂટછાટ રહેશે. (૩) પ્રોફેસરની જગ્યા માટે ૬૨ વર્ષ સુધી ઉંમર ગ્રાહ્ય ગણાશે. (૪) પગાર ધોરણ યુનિવર્સિટીના ધારા ધોરણ મુજબ (૪) નોકરી કરતા ઉમેદવારોએ જે તે સંસ્થામાંથી N.O.C. લાવવાની રહેશે.






- An India based multinational company, who pioneered the development of the supply chain solutions market in India*
- India's largest and among the fastest growing integrated supply chain solutions provider among Indian listed supply chain solutions companies in terms of revenues and revenue growth, respectively, in Fiscal 2023*
- In Fiscal 2023, our global customers included **72 'Fortune Global 500 2022' companies**

**According to the Redseer Report*
*(Supply Chain Solutions) Market in India dated July 25, 2023 prepared by Redseer Management Consulting Private Ltd.*

**TVS SUPPLY CHAIN SOLUTIONS LIMITED**
(Part of the TVS MOBILITY Group )

www.tvsscs.com

**TVS SUPPLY CHAIN SOLUTIONS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC on August 3, 2023. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. JM Financial Limited, Axis Capital Limited, J. P. Morgan India Private Limited, BNP Paribas, Nuvama Wealth Management Limited (*formerly known as Edelweiss Securities Limited*) and Equirus Capital Private Limited at www.jmfl.com, www.axiscapital.co.in, www.jpmipl.com, www.bnpparibas.co.in, www.nuvama.com and www.equirus.com, respectively. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "*Risk Factors*" beginning on page 39 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.

The Equity Shares have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) in the United States only to "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the Draft Red Herring Prospectus as "**U.S. QIBs**"), in private transactions exempt from the registration requirements of the U.S. Securities Act, and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering in the United States.

Adfactors 208B